પ્રયોગશાળાઓ

MAનાં સુરક્ષાનાં ધોરણો

ફરજિયાત સુરક્ષાનાં ધોરણો



સામાજીક અંતર

કામ કરવાની નિયત જગ્યાઓ પર વ્યક્તિઓ વચ્ચે 6 ફૂટ કે તેથી વધુ અંતર હોય તેની ખાતરી કરો, સિવાય કે કાર્યના પ્રકાર અથવા કામ કરવાની જગ્યાની સંરચનાને કારણે આ અંતર અસુરક્ષિત હોય.

કામદારો માટે કૉમન અને ભારે અવરજવરવાળા વિસ્તારો કે જ્યાં કામદારો ભેગા થવાની સંભાવના હોય એવા વિસ્તારો બંધ કરો અથવા ફરીથી તેની સંરચના સ્પષ્ટ કરો (દા.ત., બ્રેક રૂમ, ભોજનના વિસ્તારો) જેથી સામાજિક અંતર જાળવવું શક્ય બને; વર્ક સ્ટેશનોની ડિઝાઇન ફરીથી બનાવો જેથી શારીરિક અંતર જાળવવું શક્ય બને (દા.ત. અલગ અલગ ટેબલો, ડિસ્ટન્સ માર્કર્સનો ઉપયોગ કરો જેથી સ્પેસિંગની ખાતરી કરી શકાય)

કૅફેટેરિયામાં શારીરિક અંતર જાળવવું અને આરોગ્યનાં યોગ્ય પગલાંઓ લેવાં તથા તે પહેલેથી પૅકેજિંગ કરેલ ખોરાક પૂરતાં મર્યાદિત હોવા જોઇએ

જ્યાં અનુકૂળ આવે ત્યાં વર્કસ્ટેશનોને અલગ કરવા માટે ફિઝિકલ પાર્ટિશનનો ઉપયોગ કરો (તે ઊભેલા કામદાર કરતાં ઊંચાં હોવાં જોઇએ)

સમગ્ર સુવિધામાં હલનચલન મર્યાદિત કરવા અને કામદારોની વચ્ચે સંપર્ક સીમિત રાખવા માટે જ્યાં શક્ય હોય ત્યાં વ્યક્તિઓને તેમના ફાળવેલા કામકાજના વિસ્તારોની સોંપણી કરો (દા.ત. ફ્લોર, બિલ્ડિંગ, ફૅક્ટરી ઝોન)

છૂટાછવાયાં કામ, ભોજન અને વિરામના સમય રાખો, એક જગ્યાએ ભેગા થઈ શકે એવી મહત્તમ વ્યક્તિઓનું નિયમન કરો અને ઓછામાં ઓછા 6 ફૂટનું શારીરિક અંતર જળવાય તેની ખાતરી કરો

કામદારોએ ફેસ કવરિંગ અથવા ચહેરા માટેના માસ્કનો ઉપયોગ કરવાનો રહેશે, સિવાય કે તેમ કરવાથી કામદારો માટે સુરક્ષાનું જોખમ ઊભું થાય અથવા જ્યાં વ્યક્તિ રોગ કે વિકલાંગતાના કારણે ફેસ કવરિંગ પહેરી શકે તેમ ન હોય

એક સમયે એકથી વધુ વ્યક્તિ દ્વારા નાની જગ્યાઓમાં અવરજવર શક્ય તેટલી ઓછી કરો (દા.ત., લિફ્ટ, કન્ટ્રોલ રૂમ, વાહનો). આવી જગ્યાઓએ એક જ સમયે બધા કામદારો ફેસ કવરિંઝ પહેરે તે આવશ્યક છે

ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો

~~જ્યાં શક્ય હોય ત્યાં બંધ જગ્યાઓ માટે વાતાનુકૂલનમાં સુધારો કરો (દા.ત., બારણાં અને બારીઓ ખોલો)~~



આરોગ્ય પ્રોટોકોલ્સ


સાબુ અને નળના પાણી સહિત સાઇટ પર હાથ ધોવાની સુવિધાઓની સરળ પહોંચ મળે અને કામદારો હાથ વારંવાર ધોઈ શકે તે માટે તેઓને પૂરતો સમય મળે તેની ખાતરી કરો; ઓછામાં ઓછા 60% આલ્કોહૉલ સાથે આલ્કોહૉલ આધારિત હેન્ડ સૅનિટાઇઝર્સનો વિકલ્પ તરીકે ઉપયોગ થઇ શકે

કામદારોને પૂરતા પ્રમાણમાં ક્લીનિંગ પ્રૉડક્ટ્સ પૂરી પાડો (દા.ત. સૅનિટાઇઝર, ડિસઇન્ફેક્ટિંગ વાઇપ્સ)

ડૅસ્ક, બારણાનાં હૅન્ડલો અને રેસ્ટરૂમો જેવા વિસ્તારો કે જ્યાં સૌથી વધુ સ્પર્શ થતો હોય ત્યાં અવારનવાર સફાઇકામ અને સૅનિટેશન જરૂરી બનાવવું

પ્રયોગશાળાની સામગ્રી/ ઉપકરણો (દા.ત. ગોગલ્સ) બીજાને આપવાનું ટાળો અથવા વપરાશની વચ્ચે ઉપકરણને ડિસઇન્ફેક્ટ કરો

કામદારોને આરોગ્ય અને સુરક્ષાના પ્રોટોકૉલ્સ અંગે યાદ કરાવવા માટે સમગ્ર સાઇટમાં દેખાય એવી રીતે પોસ્ટરો મૂકવાં



સ્ટાફ અને કામગીરીઓ

સ્વચ્છતા જાળવવા તથા રોગનું પ્રસારણ ઘટાડવાના ઉદ્દેશ્યથી લેવાયેલાં અન્ય પગલાંઓ સહિત કામદારોને સુરક્ષાની અદ્યતન માહિતી અને તકેદારીઓ અંગે તાલીમ પૂરી પાડો

બધા કામદારોમાં સંપર્ક ઓછો કરવા અને ઍન્ટ્રી પૉઇન્ટ્સ પર ગીચતા ઓછી કરવા માટે કાર્યસ્થળનાં કલાકો અને શિફ્ટ્સમાં ફેરફારો કરો (જો રૂબરૂમાં કામ કરતા હો તો વિવિધ સમયપત્રકો અથવા છૂટાછવાયા આગમન / પ્રસ્થાન સાથે કામ કરતી ટીમોનો મહત્તમ ઉપયોગ કરો

સાઇટ પર મુલાકાતીઓ અને સર્વિસ પ્રોવાઇડર્સની સંખ્યા સીમિત કરો; શિપિંગ અને ડિલિવરીની પ્રક્રિયાઓ નિયત વિસ્તારોમાં પૂરી કરવામાં આવવી જોઇએ, અને શક્ય હોય તો સુવિધાની બહાર

લૅબ અથવા ઉત્પાદનની સુવિધાઓમાં ઑફિસના કામદારોનો પ્રવેશ સીમિત કરો; વિભાગીય ઑફિસ / સહાયક કર્મચારીનો પ્રવેશ સુવિધાના વિશિષ્ટ વિસ્તારો પૂરતો મર્યાદિત કરો

કામદારોને બિમારી જેવું લાગતું હોય તો તેઓ ઘરે રહે તે જરૂરી છે

જો નિયોજકને કાર્યસ્થળ પર પૉઝિટિવ કેસ અંગે જાણ કરવામાં આવે તો નિયોજકે સ્થાનિક સ્વાસ્થ્ય બૉર્ડ (LBOH)ને જાણ કરવાની રહેશે અને કાર્યસ્થળ પર સંભવિત સંપર્કોને ટ્રેસ કરવા માટે તેઓની સાથે કામ કરવાનું રહેશે અને કામદારોને એકાંતવાસ અને સૅલ્ફ-ક્વોરન્ટીન કરવાની સલાહ આપશે. માર્ગદર્શન અનુસાર અને / અથવા LBOHની વિનંતી પર અન્ય કામદારોના પરીક્ષણની ભલામણ કરવામાં આવે છે

સરકારી નિર્દેશોમાં આપેલી રૂપરેખા પ્રમાણે સ્વાસ્થ્યની અગત્યની માહિતી અને સુરક્ષાનાં સંબંધિત પગલાંઓ અંગે કામદારો અને ગ્રાહકોને નોટિસ પોસ્ટ કરવી

ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો

જો અનુકૂળ હોય તો કામદારો ટેલિવર્ક કરવાનું ચાલુ રાખવું જોઇએ (દા.ત., ઑફિસનું કામ, ડેટા વિશ્લેષણ, નોટબૂક રેકૉર્ડિંગ); પ્રયોગશાળામાં ગીચતા ઓછી કરવા માટે બેઠકો દૂરથી થવી જોઇએ

સેન્ટર્સ ફૉર ડિસીઝ કન્ટ્રોલના અનુસાર જેઓના પર વિશિષ્ટપણે COVID-19નું જોખમ (દા.ત. ઉંમર અથવા પહેલેથી હોય એવા રોગને કારણે) હોય એવા કામદારોને ઘરે રહેવા માટે આગ્રહ કરવામાં આવે છે

લક્ષણોની સ્વ-ઓળખ કરવા માટે અથવા જાણીતા કે શંકાસ્પદ COVID-19 કેસની કોઇ પણ નજીકના સંપર્ક અંગે નિયોજકને જાણ કરવા માટે આગ્રહ કરો

જેઓનો COVID-19 પૉઝિટિવ આવ્યો હોય એવા કામદારોને સફાઇ / રોગાણુનાશન અને કૉન્ટેક્ટ ટ્રેસિંગના હેતુઓ માટે નિયોજકને જાણ કરવા માટે આગ્રહ કરો



સફાઇ અને રોગાણુનાશન

સાઇટની અવારનવાર સફાઇ અને રોગાણુનાશનની પ્રક્રિયા કરો (ઓછામાં ઓછો રોજ એક વખત અને અનુકૂળ હોય તો વધુ વખત)

જેમાં તારીખ, સમય અને સફાઇના વ્યાપનો સમાવેશ થતો હોય એવી સફાઇની નોંધવહીઓ રાખો

બહુ અવરજવર થતી હોય એવા વિસ્તારો અને બહુ સ્પર્શ થતો હોય એવી સપાટીઓમાં અવારનવાર રોગાણુનાશનની પ્રક્રિયા કરો (દા.ત. બારણાનાં નૉબ, હેન્ડરેલ, લિફ્ટ, બાથરૂમ

કોઇ પૉઝિટિવ કેસ આવે તેવી સ્થિતિમાં હાલના નિર્દેશો અનુસાર ઊંડી સફાઇ અને રોગાણુનાશન કરવા માટે સાઇટ બંધ કરો

વપરાશની વચ્ચે સહિયારી જગ્યાઓ સાફ કરો (દા.ત., કૉન્ફરન્સ રૂમો) અને સફાઇની પ્રૉડક્ટ્સ પૂરી પાડો (દા.ત. સૅનિટાઇઝર, ડિસઇન્ફેક્ટિંગ વાઇપ્સ)